નજીકના સંપર્ક સાથેની વ્યક્તિગત સેવાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો


**હજામની દુકાનો અને હેઅર સલૂન જેને રિ-ઓપનિંગ પ્લાનના તબક્કા 1માં ખોલવાની પરવાનગી આપવામાં આવી હતી તે હવે જૂન 22, 2020 પ્રમાણે નજીકના સંપર્ક સાથેની વ્યક્તિગત સેવાઓ માટે કાર્યસ્થળ પર સુરક્ષાનાં આ ધોરણોને આધીન આવશે.**

**નજીકના સંપર્ક સાથેની વ્યક્તિગત સેવાઓ એટલે એવી કોઇ પણ વ્યક્તિગત સેવા જે વિશિષ્ટપણે ગ્રાહક સાથેના શારીરિક સંપર્ક દ્વારા આપવામાં આવતી હોય, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતી મર્યાદિત નથી:**

- **a. હેઅર સલૂન અને હજામની દુકાનો; રિ-ઓપનિંગ પ્લાનના તબક્કા 1માં ખોલવા માટે અપાયેલી પરવાનગી પ્રમાણે**
- **b. વાળ દૂર કરવાની સેવાઓ; લેસર સેવાઓ, ડેપિલેટરી સલૂન, વેક્સિંગ સેવાઓ, થ્રેડિંગ અને ઇલેક્ટ્રોલિસિસ સેવાઓ સહિત**
- **c. મસાજ, બૉડી ટ્રીટમેન્ટ્સ, ઇસ્ટર્ન ટ્રીટમેન્ટ, એનર્જી થેરપી અને અન્ય બૉડી વર્ક થેરપી;**
- **d. ત્વચાની સંભાળ માટેની સેવાઓ; પીલ્સ, ફેશિયલ્સ, સીરમ્સ, બોટૉક્સ અને ફિલર સહિત**
- **e. નખની સંભાળની સેવાઓ; નેઇલ સલૂન સહિત**
- **f. વાળની અન્ય સેવાઓ; હેઅર રિપ્લેસમેન્ટ સેવાઓ, વાળના મૂળની સારવાર સેવાઓ સહિત**
- **g. મેકઅપ સલૂન;**
- **h. મેકઅપ ઍપ્લિકેશન સેવાઓ;**
- **i. ટેનિંગ સલૂન; જે સ્પ્રે ટેનિંગ અને ટેનિંગ બેડ્ઝ પૂરાં પાડતાં હોય એવા અન્ય વ્યાપાર સહિત; અને**
- **j. ટૅટૂ, છૂંદણાં અને બૉડી આર્ટની સેવાઓ**

**નોંધ: પર્સનલ ટ્રેનરોએ તબક્કા 3 માટે ફિટનેસ સેન્ટર અને હેલ્થ ક્લબના નિર્દેશોનું પાલન કરવું જોઇએ, જે મેસાચુસેટ્સ રિઓપનિંગ સાઇટ પર ઉપલબ્ધ છે**

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




### સામાજીક અંતર

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો:

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો અને સહાયકો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., કામદારો માટે બ્રેક રૂમ અને ભોજનનાં ક્ષેત્રો; ગ્રાહકો માટે લૉબી અને વર્કસ્ટેશનો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- વર્કસ્ટેશનો એવી રીતે ગોઠવો જેથી કાર્ય ક્ષેત્રો વચ્ચે ઓછામાં ઓછી 6 ફૂટની જગ્યા હોય
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઇએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઇએ)
- જ્યાં શક્ય હોય ત્યાં ચેકઆઉટ સ્ટેશનો માટે ભૌતિક આડશો બેસાડો, અન્યથા જ્યાં શક્ય ન હોય ત્યાં 6 ફૂટનું અંતર જાળવો
- ગ્રાહકોને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., ચેકઆઉટ લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો)
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે રૂમો અને હૉલવે પર નિશાન કરો

કામદારો માટે છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઇ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા ગ્રાહકો અને કામદારો માટે ફેસ કવરિંગ આવશ્યક કરવું

સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે મુલાકાતીઓનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. રૂમોમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

કામદારો માટે મોજાં, ગાઉન અથવા સ્મૉક્સ અને પ્રિસ્ક્રીપ્શન પરનાં ચશ્માં, સેફટી ગ્લાસ કે ગોગલ્સ પહેરવાં આવશ્યક બનાવો

સંભાળકર્તા અથવા વાલી તરીકે સેવા આપતી વ્યક્તિઓના અપવાદ સિવાય વ્યક્તિગત સેવા દરમિયાન કોઇ મહેમાનોએ ગ્રાહક સાથે હાજર રહેવું જોઇએ નહિ. મહેમાનોએ ગ્રાહકો માટેની અન્ય તમામ આવશ્યકતાઓ અંગે ધ્યાન રાખવું જોઇએ, જેમાં ફેસ કવરિંગ પહેરવાનો અને અન્ય હાજર વ્યક્તિઓથી 6 ફૂટનું અંતર જાળવવાનો પણ સમાવેશ થાય છે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ માટે આગ્રહ કરવામાં આવે છે

સર્વિસ અપોઇન્ટમેન્ટ માટે પહેલેથી પરિસરમાં ન હોય એવા ગ્રાહકો દ્વારા ખરીદવામાં આવતી કોઇ પણ વસ્તુઓ રસ્તાની એક બાજુએથી પિક અપ કરવામાં આવે કે ડિલિવર કરવામાં આવે એવો આગ્રહ રાખો અને વ્યક્તિગત સેવાઓની બદલે અથવા વ્યક્તિગત સેવાઓ ઉપરાંત છૂટક ખરીદી કરવા ઇચ્છતા ગ્રાહકો માટે રિટેઇલ બિઝનેસના નિર્દેશોનું પાલન કરો



### આરોગ્ય પ્રોટૉકોલ્સ

સાબુ અને નળનાં પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ, ડિસઇન્ફેક્ટન્ટ)

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર અને સમગ્ર ફ્લોર એરિયાઝમાં કામદારો તેમજ ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવાં જોઇએ

દરેક ગ્રાહક આવે તે પહેલાં અને જાય પછી મોજાં બદલવાં અને હાથ ધોવાનું જરૂરી બનાવો

કામદારો વચ્ચે સાધનો અને સપ્લાયની આપલેની અનુમતિ આપશો નહિ (ક્લિપર્સ, સ્પેસર્સ, બ્રશ, સોય વગેરે). પ્રત્યેક ગ્રાહકની વચ્ચે બધાં સાધનો સાફ કરવાં જોઇએ

પ્રત્યેક ગ્રાહકની આવનજાવન વચ્ચે કામદારોએ સ્વચ્છ સ્મૉક અથવા ગાઉન પહેરવું જોઇએ. ડિસ્પોઝેબલ કેપ્સ અને સ્મૉક્સનો ઉપયોગ કરવા અંગે વિચાર કરો. ફરીથી ઉપયોગમાં લઇ શકાય એવી કેપ્સ, ટુવાલ, ગાઉનને દરેક ઉપયોગની વચ્ચે ધોવાં જોઇએ.

કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

નજીકના સંપર્ક સાથેની વ્યક્તિગત સેવાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

**સ્ટાફ અને કામગીરીઓ**

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- એ બાબત દૃઢ કરવી કે સ્ટાફ બિમાર હોય તો કામ પર આવવું જોઈએ નહિ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમો)

સેવા મેળવવા માટે ગ્રાહકો અગાઉથી અપોઇન્ટમેન્ટ લે તે જરૂરી બનાવો

પ્રતીક્ષા માટેના વિસ્તારો બંધ કરો અને ગ્રાહકની અપોઇન્ટમેન્ટનો સમય ન થાય ત્યાં સુધી તેઓને બહાર અથવા કારમાં રાહ જોવા માટેની વિનંતી કરો

સંભવિત કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

અનાવશ્યક સુવિધાઓ (દા.ત., સામયિકો, ગ્રાહક માટે પાણી અને કૉફી, કોટ રૂમો વગેરે) દૂર કરો

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ કામ પર આવી શકશે નહિ

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે વ્યાપારી સંસ્થાઓએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

### ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલ અનુસાર જેઓ પર COVID-19નું વધારે જોખમ હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવો જોઈએ અથવા તેમને ફાળવવામાં આવેલાં કાર્યોના અલગ-અલગ સમય રાખવાં, જેથી ગ્રાહકો અને સાથી કર્મચારીઓ સાથે સંપર્ક ઓછો કરી શકાય

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જ્યાં શક્ય હોય ત્યાં ઓવરલૅપ ઓછો કરવા માટે કર્મચારીઓની ગતિવિધિઓ અલગ-અલગ વર્ક ઝોન પૂરતી મર્યાદિત રાખો

નજીકના સંપર્ક સાથેની વ્યક્તિગત સેવાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



### સફાઇ અને રોગાણુનાશન

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હેન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

સાઇટની અવારનવાર સફાઇ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત., બારણાનાં નૉબ, હેન્ડરેલ, હેડરેસ્ટ, આર્મરેસ્ટ, વગેરે)

કોઈ કામદાર, પૅટ્રન અથવા વિક્રેતાનો પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર કાર્યસ્થળ પર સફાઈ અને રોગાણુનાશન કરતાં પહેલાં સાઇટ બંધ કરો અને 24 કલાક રાહ જુઓ

ગ્રાહકોની અવરજવર વચ્ચે સાધનો, ઉપકરણો અને સપાટીઓને ડિસઇન્ફેક્ટ કરો અથવા બદલો (દા.ત., ટેબલો, ફિંગર બાઉલ્સ, ખુરશીઓ અને હેડરેસ્ટ, સ્પેચ્યુલા, ક્લિપર્સ, સ્પેસર્સ, સ્ટાઇલિંગ ટૂલ્સ)

જો સાધનોને ડિસઇન્ફેક્ટ કરી ન શકાય તો (એટલે કે નેઇલ ફાઇલ્સ, બફર્સ, ડ્રિલ બિટ્સ વગેરે જેવાં છિદ્રાળુ સાધનો) તો તેઓને ઉપયોગ બાદ ફેંકી દેવાનાં રહેશે

ગ્રાહકોની અવરજવર વચ્ચે ખુરશી, ટેબલ અને/અથવા વર્કસ્ટેશનોને ડિસઇન્ફેક્ટ કરો અથવા પ્રત્યેક ગ્રાહક માટે ફેંકી દેવાય એવાં પ્લાસ્ટિક કવરિંગનો ઉપયોગ કરો અને ડિસઇન્ફેક્ટન્ટ બરાબર કામ કરે તે માટે લેબલ પર સંપર્કનો સમય જુઓ

તમામ કપડાં, ટુવાલના ડ્રેપ અને સ્મૉક્સને સાબુવાળાં ગરમ પાણીમાં ધુઓ અને નિયમિતપણે તથા પ્રત્યેક ઉપયોગની વચ્ચે સંપૂર્ણપણે કોરાં કરો

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો